सत्यमेव जयते

| | |
|---|---|
| દાખલ થયા તારીખ: | ૧૬–૦૨–૨૦૨૬ |
| રજી.લીધા તારીખ : | ૧૬–૦૨–૨૦૨૬ |
| ફેસલ થયા તારીખ: | ૧૬–૦૬–૨૦૨૬ |

---

મહે.ભિલોડાના એડી.ચીફ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ સમક્ષ.

---

ફોજદારી કેસ નં.૧૪૦/૨૦૨૬
આંક–૧૯

ફરીયાદી:– શ્રી સરકાર
(શામળાજી પો.સ્ટે.પાર્ટ–બી.પ્ર.ગુ.ર.નં.૬૩૫/૨૫)

વિરૂધ્ધ.

આરોપી :– (૧) સોમાભાઈ રમેશભાઈ ડામોર,ઉં.વ.૩૪,
રહે.ઓઠા પહાડીયા,તા.શામળાજી,જી.અરવલ્લી,
(૨) રાજુભાઈ નરેશભાઈ ડામોર,ઉં.વ.૩૨,
રહે.ઓઠા પહાડીયા ,તા.શામળાજી,જિ.અરવલ્લી

---

ગુન્હો : ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૧૫(૨),૩૫૨,૩૫૧
(૨),૩૨૪(૨),તથા જી.પી.એકટની કલમ –૧૩૫ મુજબ.

---

ફરીયાદપક્ષે વિધ્વાન એ.પી.પી.શ્રી: બી.આઈ.મનસુરી

આરોપીઓ તરફે વિધ્વાન વ. શ્રી: એન.બી.મીણા

---

// <u>ચૂ કા દો</u> //

(૧) ફરિયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે :

આ કામના આરોપીઓએ ગઈ તા.૨૭/૧૧/૨૦૨૫ ના કલાક ૦૯:૦૦ વાગ્યે કોલમ નં.૧ માં જણતાવેલ આરોપીઓએ ફરીયાદીને તુ પોલીસમાં કેમ બાતમી આપે છે તેમ કહી મા-બેન સામી ગાળો આપી ગડદા પાટુનો માર મારી તથા આરોપી નં.૨ નાઓએ પાવળાના હાથાથી હાથે પગે માર મારી અને ફરીયાદીનો જમણા હાથે કાડાના ભાગે ખભાના ભાગે જમણા પગના ભાગે ઈજાઓ પહોચાડી મોબાઈલ ફોન તોડી એકબીજાની મદદગારી કરી મહે.કલેકટર સાહેબશ્રીના જાહેરનામાના ભંગ કરી ગુન્હો કરી,ભારતીય ન્યાય સંહિતાની કલમ-૧૧૫(૨),૩૫૨,૩૫૧(૨) ,૩૨૪ (૨),તથા જી.પી.એકટની કલમ -૧૩૫ મુજબનો ગુન્હો નોંધાયેલ છે.

(૨) આ કામે ચાર્જશીટ દાખલ થતાં આરોપીઓને સમન્સ ઈશ્યુ કરવામાં આવેલ જેથી આરોપીઓ અત્રેની કોર્ટ સમક્ષ હાજર થતાં તેઓને બી.એન.એસ.એસ.ની કલમ-૨૩૦ અન્વયે પોલીસ પેપર્સની ખાતરી કર્યા બાદ આંક-૦૬ થી ત્હોમતનામું ફરમાવી આંક-૦૭ તથા આંક-૦૮ સુધી આરોપીઓની પ્લી રેકર્ડ કરવામાં આવેલ.જેમાં આરોપીઓએ ગુન્હાનો ઈનકાર કરતાં સદરહુ કામ ફરીયાદ પક્ષના પુરાવા માટે મુલત્વી રાખવામાં આવેલ.

(૩) ફરિયાદપક્ષ તરફથી સદરહુ કામે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

*મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો*

| અ.નં. | મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો | આંક |
|---|---|---|
| ૧. | ફરીયાદી ચીરાગ પ્રકાશભાઈ પટેલ ની જુબાની | ૧૨ |
| ૨. | ફરીયાદ | ૧૩ |
| ૩. | ગુન્હાવાળી જગ્યાનું પંચનામુ | ૧૪ |
| ૪. | મારક હથીયાર રીકવર પંચનામુ | ૧૫ |
| ૫. | સારવાર સર્ટી | ૧૬ |

(૪) ત્યારબાદ ફરીયાદ પક્ષે આંક–૧૭ થી કલોજીંગ પુરશીસ રજુ કરેલ છે. આરોપીઓનાં બી.એન.એસ.એસ.ની કલમ–૩૫૧અન્વય આરોપીઓ નું વિશેષ નિવેદન નોંધવા લાયક પુરાવો ન જણાતા આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

(૫) ત્યારબાદ ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી બી.આઇ.મનસુરી તથા આરોપી પક્ષે વિ.વ.શ્રી એન.બી.મીણાની દલીલો સાંભળવામાં આવી.

(૬) પક્ષકારોના બચાવ નિવેદન અન્વયે સદર કેસના નિકાલ માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે :–

મુદ્દા ::–

| | |
|---|---|
| (૧) | શું ફરિયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ ગઈ તા.૨૭/૧૧/૨૦૨૫ ના કલાક ૦૯:૦૦ વાગ્યે કોલમ નં.૧ માં જણતાવેલ આરોપીઓએ ફરીયાદીને તુ પોલીસમાં કેમ બાતમી આપે છે તુમ કહસ મા–બેન સામી ગાળો આપી ગડદા પાટુનો માર મારી તથા આરોપી નં.૨ નાઓએ પાવળાના હાથાથી હાથે પગે માર મારી અને ફરીયાદીનો જમણા હાથે કાડાના ભાગે ખભાના ભાગે જમણા પગના ભાગે ઈજાઓ પહોચાડી મોબાઈલ ફોન તોડી એકબીજાની મદદગારી કરી મહે.કલેકટર સાહેબશ્રીના જાહેરનામાના ભંગ કરી ગુન્હો કરી,ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૧૫(૨),૩૫૨,૩૫૧(૨),૩૨૪ (૨),તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ? |
| (૨) | શું હુકમ ? |

(૭) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે :–

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

ઉપરોકત નિર્ણયો માટેના મારા કારણો નીચે મુજબ છે :–

*–//:કા ર ણો://–*

*મુદ્દાનંબર–૧ તથા ૨ અંગે :–*

(૮) આરોપી વિરુધ્ધ આક્ષેપીત તહોમત, ગુના સંબંધેના કાયદાના પ્રોવીઝન ની સાથે ફરીયાદ પક્ષ ના પુરાવા ની મુલવણી કરવામાં આવે તો, ફરીયાદપક્ષે આંક–૧૨ થી ફરીયાદી ચીરાગ પ્રકાશભાઈ પટેલનાઓ ને તપાસવામાં આવેલ છે.તેઓએ તેમની કોર્ટ રૂબરૂ જુબાનીમા જણાવેલ છે કે,તા.૨૬/૧૧/૨૫ ના રોજ હું મારુ એકટીવા લઈને જાબચીતરીયા ગામે જીતુભાઈ મારવાડીની દુકાને બુટ લેવા ગયેલ તે દરમ્યાન એક સ્વીફ્ટ ગાડી નં. જી.જે.૬૧૬૬ આવેલી અને તેમાંથી પહાડીયા ગામના સોમાભાઈ રમેશભાઈ અને રાજુભાઈ નરેશભાઈ નીચે ઉતરી મને કહેતા હતા કે પોલીસને કેમ અમારી બાતમી આપે છે તેમ કહી મારી સાથે ઝઘડો કરી બોલાચાલી કરેલી.જેથી મે તેઓની વિરૂધ્ધ ફરીયાદ આપેલી. મને અસલ ફરીયાદ બતાવવામાં આવે છે તેમાં મારી સહી છે જે જોઈ ઓળખુ છુ. જે રજુ દાખલ આંક–૧૩ આપવામાં આવે છે. આ સિવાય બીજુ કશુ બનેલ નથી.

સદરહુ ફરીયાદી ફરીયાદ હકીકતને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી. શ્રી ધ્વારા ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસ કરવા છતાં ફરીયાદ હકીકતને સમર્થન કરતા નથી.જયારે બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસ દરમિયાન એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે,એ વાત ખરી છે કે સામાન્ય બોલાચાલી થયેલી તે સિવાય બીજુ કઈ બનેલુ નહી.એ વાત ખરી નથી કે,મને કોઈએ માર મારેલ નથી કે,ગાળો બોલેલ નથી કે મારા કોઈ મોબાઈલને નુકશાન થયેલ નથી.

૦૯. આમ, ફરીયાદ પક્ષે રજુ તમામ પુરાવાનું સમગ્રપણે મુલ્યાંકન કરવામાં આવે તો આ કામના ફરીયાદી એ જ ફરીયાદ હકીકતને સમર્થન કરેલ નથી ફરીયાદ પક્ષ અને આરોપી વચ્ચે કોર્ટ બહાર સમાધાન કરવામાં આવેલુ હોઈ સ્વાભાવિક રીતે ફરીયાદ પક્ષે તે મુજબ જુબાની આપેલ છે. આરોપીપક્ષે નિખાલસપણે ગુન્હાવાળી જગ્યાનું પંચનામું તથા હથીયાર રીકવર પંચનામું તે રેકર્ડ પર તો આવેલા છે પરંતુ સદર પંચનામા એ હકીકત પુરવાર થતી નથી કે ફરીયાદ મુજબનો જ બનાવ બનવા પામેલો. ફરીયાદી તતથા સાહેદ જાતે જ એવુ જણાવે છે કે, આરોપી સાથે સામાન્ય બોલાચાલી થયેલી તે સંજોગોમાં તપાસ કરનાર અમલદારને તપાસવાનો કોઈ અર્થ રહેતો નથી. આમ, ફરીયાદની હકીકતોને સમર્થનકારી પુરાવો રેકર્ડ પર લાવવામાં ફરીયાદ પક્ષ નિષ્ફળ ગયેલ છે. ફરીયાદ પક્ષના પુરાવાઓનું મુલ્યાંકન આરોપીઓ વિરૂધ્ધ આક્ષેપાયેલ ત્હોમત પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ નિષ્ફળ ગયેલ છે. આવા સંજોગોમાં આરોપીઓ ને તકસીરવાન ઠરાવી શકાય નહી.ઉપરોકત તમામ ચર્ચા મુજબ મુદ્દા નં.(૧) નો જવાબ ''નકાર''માં આપી મુદ્દા નં.(૨) પરત્વે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

// *આ ખ રી હુ ક મ* //

(૧) આરોપીઓ (૧) સોમાભાઈ રમેશભાઈ ડામોર,ઉ.વ. ૩૪, રહે.ઓઠા પહાડીયા,તા.શામળાજી,જી.અરવલ્લી,(૨) રાજુભાઈ નરેશભાઈ ડામોર,ઉં.વ.૩૨,રહે.ઓઠા પહાડીયા,તા.શામળાજી, જિ.અરવલ્લીનાઓને બી.એન.એસ.એસની કલમ: ૨૭૧ (૧) અન્વયે ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૧૫(૨),૩૫૨,૩૫૧(૨), ૩૨૪(૨),તથા જી.પી.એકટની કલમ –૧૩૫ મુજબના ગુન્હા માંથી શં કાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામા આવે છે.

(૨) આરોપીઓના અગાઉના જામીન અપીલ સમય સુધી ચાલુ રાખવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૧૬મી,માહે–જુન,સને–૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ: ૧૬/૦૬/૨૦૨૬
મુકામ: ભીલોડા

(તુષારકુમાર વીરાભાઈ પરમાર)
એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ
ભિલોડા.
UID CODE GJ01084